ગાંધીનગર સમાચાર
તા. ૧૮-૨-૨૦૧૪, મંગળવાર

તંત્રી સ્થાનેથી....

ચિદમ્બરમ્‌નું ચૂંટણીલક્ષી અંતરિયાળ બજેટ

યુપીએ સરકારનું 'અંતિમ' અને 'અંતરિમ' (વચગાળા)નું બજેટ ધાર્યા કરતાં ઘણું પ્રોત્સાહક અને આશાવાદી રહ્યું છે. લોકસભાનાં સ્પીકર દ્વારા આંદ્રપ્રદેશના સાંસદોની રજૂઆત પાછળથી પોતાની ચેમ્બરમાં સાંભળવાના આશ્વાસન છતાં છેક સુધી હોબાળો ચાલુ રહ્યો હતો. આવા શોરબકોર અને હોબાળા વચ્ચે પણ નાણાંમંત્રી પી. ચિદમ્બરમે હિંમતપૂર્વક એમની ધારાપ્રવાહી અંગ્રેજીમાં સરકારનું છેલ્લું અને વચગાળાનું બજેટ રજૂ કરી એવી આશા વ્યક્ત કરી હતી કે દુનિયા આખી મંદીના દોરમાંથી પસાર થઇ રહી હોય તેવા સંજોગોમાં એવા આર્થિક સંકટથી ભારત પણ અસ્પૃશ્ય ન જ રહી શકે તે સ્વાભાવિક છે, તેમ છતાં આર્થિક સંકટનો હિંમતપૂર્વક મુકાબલો કરવામાં દેશ સફળ રહ્યો છે. દેશની આર્થિક શાખા જાળવવી એ નાણામંત્રીની અને સરકારની સૌથી મોટી ખેવના રહી છે. નાણાંકીય સ્થિરતા - 'ફિસ્કલ સ્ટેબિલિટી'નો મુદ્દો ટોચની અગ્રતા પર રહ્યો છે. ચાલુ ખાદ્યમાં ઘટાડો થઇ રહ્યો છે. નાણામંત્રીએ ૨૦૧૪ ના વર્ષમાં નાણાકીય ખાદ્ય ૪.૬ ટકા રહેશે એવો અંદાજ મૂક્યો છે. દેશનો આર્થિક વિકાસ દર ૪.૯ ટકા રહેશે, જે એનડીએ સરકારના સરેરાશ વિકાસદર કરતાં વધુ હશે. દસ વર્ષમાં દસ રોજગાર આપવાની નેમ રાખનારા નાણામંત્રીએ મોબાઇલ, નાનાં વાહનો, ટીવી અને ફ્રીઝ જેવી આમ જનતાની જરૂરીયાતોની વસ્તુઓ સસ્તી બનાવી છે, તો વળી એસયુવી અને મોટી ગાડીઓ સસ્તી કરી ઉચ્ચ મધ્યવર્ગને રાજી કરવાનો પ્રયાસ કરાયો છે. એક તરફ વિકાસદર ટકાવી રાખવાની જહેમત છે, બીજી તરફ આગામી ચૂંટણીમાં મતદારોના તમામ વર્ગોને આકર્ષિત કરવાનો પ્રયાસ કરાયો છે. સરહદના સંરક્ષણ પાછળ ખર્ચ વધારવાની વાત કરીને પાડોશી દુશ્મન દેશોના ખતરા સામે ટક્કર લેવાની તૈયારી રાખી છે. કેટલાક બજેટ નિષ્ણાંતોની દૃષ્ટિએ આ બજેટ ભૂખ્યા માણસનાં વાડકામાં ગુલાબજાંબુ પીરસવા જેવું છે, જે એની ભૂખ તો નહીં સંતોષી શકે પરંતુ મોઢામાં મીઠાશ જરૂર ટકાવી શકશે. યુપીએ-૧ ના કાર્યકાળની સરખામણીમાં યુપીએ-૨ ના છેલ્લાં પાંચ વર્ષ સરકાર માટે કપરાં રહ્યાં છે. દલિતો, લઘુમતીઓ, કૃષિક્ષેત્ર વગેરે માટે અલગ રકમ ફાળવી વોટબેંક સાચવી રાખવાની કોશિશ દેખાઇ રહી છે. સેનામાં સમાન રેંક-સમાન પેંશનની નીતિ આવકારદાયક લેખાશે. એનડીએ સરકારોની સરખામણીમાં યુપીએ સરકારનાં કામો અને વિકાસદર ઊંચા રહ્યાં હોવાનો દાવો સાચો હોય તો પણ મોંઘવારી પર કાબૂ નહીં મેળવી શકેલ યુપીએ-૨ સરકાર તરફનો પ્રજાકીય અણગમો ઘટવાની શક્યતા નહીંવત જ છે.

અર્થવ્યવસ્થાની ગાડી પાટા પરથી ઊતરી જાય એની કાળજી રાખવાની યુપીએ સરકારે પુરી અને પ્રામાણિક કોશિશ કરી છે અને એ માટે તમામ રાજકીય પક્ષોનો સહયોગ માગ્યો છે. આવકવેરામાં કોઇ જ ફેરફાર નહીં કરવાનો નિર્ણય નિરાશાજનક ગણાશે. વિદ્યાર્થીઓની લોન હવે સસ્તી થશે. ટેલિકોમ અને એવિએશન સેકટરોમાં વિદેશી રોકાણને છૂટ અપાતાં વિકાસ તો વધશે પરંતુ આમ આદમી માટે તો મોબાઇલ દર અને વિમાની ભાડાં ઘટે તે જરૂરી હતું. 'પેરાલિસિસ' નો આક્ષેપ ફગાવી દઇ ચિદમ્બરે ઉપલબ્ધ સંજોગોમાં શક્ય એટલું લોકલક્ષી બજેટ અને યુપીએ સરકારનાં દસ વર્ષ દરમિયાન સધાયેલ વિકાસનો ચિતાર આપવાનો પ્રામાણિક પ્રયાસ કર્યો હોવા છતાં આમ જનતા સુધી એનો કેટલો પ્રભાવ વરતાશે તે તો સમય જ કહેશે. કાળાં નાણાંના સડસઠ કિસ્સાઓની માહિતી મળી હોવાનું જણાવનારા નાણામંત્રી એ કાળા નાણાં કોના છે, તે કહી શકતા નથી. પ્રજાને કોંગ્રેસ અને યુપીએ વિરૂદ્ધ ભડકાવવાના બાબા રામદેવ જેવા ભાજપ તરફી પ્રચારકોને એમણે હુમલો કરવાની વધુ એક તક આપી દીધી છે. બજેટ પર 'રાહુલ ઇફેક્ટ' સ્પષ્ટપણે જોઇ શકાય છે, તો વળી ટોપ પ્રાયોરિટી લેખે 'ફિઝિકલ સ્ટેબિલીટી'નો આંતરરાષ્ટ્રીય દૃષ્ટિકોણ તે અર્થશાસ્ત્રી વડાપ્રધાનની અને ચિદમ્બરમ્‌ની આંતરરાષ્ટ્રીય અર્થનીતિનો પડઘો છે.

હરિદ્વારમાં હિન્દી કવિલેખક શિબિરમાં ગાંધીનગરના ગુલાબચંદ પટેલની પસંદગી

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરમાં સેકટર-૧૪માં નિવાસ ધરાવતા નિવૃત્ત ઓફીસ સુપ્રિટેન્ડેન્ટ કવિ/લેખક/વ્યસન મુકિત અભિયાનના પ્રણેતા શ્રી ગુલાબચંદ એન. પટેલની

હરિદ્વારમાં હિન્દી કવિ/લેખક શિબિરમાં પસંદગી થયેલ છે. કેન્દ્રીય હિન્દી મંગલય દ્વારા હરિદ્વાર ખાતે તા. ૧૪મી માર્ચથી તા. ૨૧મી માર્ચ સુધી આ શિબિર યોજાશે.

તાજેતરમાં તિરુવનંતપુરમ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં પસંદગી થતાં ગુજરાતનું ગૌરવ વધારેલ છે. તેઓ ત્યાં ઉત્કૃષ્ટ દેખાવથી પસંદગી પામેલ છે. ૧૯૮૭માં દાર્જીલીંગ તથા ૧૯૯૯મા પુના ખાતે હાજરી આપી પ્રમાણત્ર પ્રાપ્ત કરેલ છે. શ્રી ગુલાબચંદ પટેલે હિન્દી પુસ્તકો પ્રગટ કરેલ છે. વ્યસન મુકિત અભિયાન ચલાવીને ધરતી રત્ન એવોર્ડ પણ મેળવેલ છે.

ચૌધરી કોલેજમાં કેમ્પસ ઈન્ટરવ્યુ યોજાયા

ગાંધીનગર, તા. ૧૭

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ દ્વારા વિદ્યાર્થિનીઓ આર્થિક રીતે પગભર થાય તે હેતુથી ઉદ્દેશા અને પ્લેસમેન્ટ સેલ દ્વારા ગઈ તા. ૧૩ના રોજ કેમ્પસ ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવ્યું હતું.

સેક્ટર-૭સ્થિત ચૌધરી મહિલા કોલેજ વિદ્યાર્થીઓના ભવિષ્યને લઈ હંમેશા ચિંતિત હોય છે ત્યારે કોલેજની વિદ્યાર્થિનીઓ માટે પ્લેશમેન્ટ સેલ દ્વારા કેમ્પસ ઈન્ટરવ્યુ યોજવામાં આવ્યા હતા.

જેમાં આંજણા કેળવણી મંડળ સંચાલિત બી.એડ્. એમ.એડ્., બી.સી.એ. અને આર્ટસ કોલેજની ભૂતપુર્વ વિદ્યાર્થિનીઓ ઝોડાઈ હતી. કેમ્પસ ઈન્ટરવ્યુમાં ૮૫ વિદ્યાર્થિનીઓનું વોડાફોન કંપનીમાં પસંદગી પામી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન ડૉ. નરેન્દ્ર પટેલ, પ્રા. પ્રતિમાબેન છનીયારા અને પ્રા. હેમાંગીબેન વાઘેલા દ્વારા કરવામાં આવ્યું હતું.

૧૫૫ વિકલાંગ બાળકોને શૈક્ષણિક કીટ અને મફત એસ.ટી.બસ સેવાના પાસનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૧૭

સંકલિત બાળ વિકાસ યોજના, જિલ્લા પંચાયત, ગાંધીનગર, અંદ્યજન મંડળ, અમદાવાદ તથા નિપમેડ ચેન્નાઈના સંયુક્ત ઉપક્રમે આજરોજ જિલ્લાના ૧૫૫ વિકલાંગ બાળકોને શૈક્ષણિક કીટ અને મફત એસ.ટી.બસ સેવાના પાસનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ -સંગે જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિકટર મેકવાને જણાવ્યું હતું કે, આંગણવાડીની બહેનોને વિકલાંગ વિશેની સમજ આપવા માટે ચાર માસ અગાઉ ગાંધીનગર, માણસા, દહેગામ અને કલોલ ખાતે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના થકી આંગણવાડીઓની બહેનોએ જિલ્લામાંથી ૩૨૩ વિકલાંગ બાળકોની યાદી બનાવી હતી. આ તમામ બાળકોની સિવીલ હોસ્પિટલ ખાતે તપાસ કરવામાં આવી હતી. જે પૈકીના ૧૫૫ બાળકોને વિકલાંગતાનું -માણપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં દ્રષ્ટિની ક્ષતિ ૫૯, શ્રવણ ક્ષતિના ૧૯, વાણીક્ષતિના ૨૨, મંદ બુધ્ધિના ૬૯, ઓટીઝમના ૧૬, એક કરતા વધુ ક્ષતિના ૩૦ અને શારીરિક અપંગતા હાથ પગની ખોડવાળા ૮૦ બાળકોને વિકલાંગતાનું સર્ટીફિકેટ આપવામાં આવ્યું છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, નિપમેડ દ્વારા આપવામાં આવેલ કિટ્સથી વિકલાંગ બાળકોનો માનસિક વિકાસ થશે.

જિલ્લામાંથી વિકલાંગ બાળકો શોધવાનું અભિયાન સફળ થવા પાછળનું કારણ આપતા જિલ્લા પંચાયત, ગાંધીનગરના -મુખ શ્રી હિનાબેન પટેલે જણાવ્યું હતું કે, આ કામગીરી કરનાર આંગણવાડીની બહેનોમાં એક મા નું હૃદય છે, આ કામને ફરજના ભાગરૂપે નહી પણ માતૃત્વની ભાવનાથી શરૂ કર્યુ હતું. જેના ફળ રૂપે આજે આવા બાળકોને જિલ્લાના વિવિધ સ્થળોથી શોધી શકાયા છે. તેમણે રાજય સરકારની વિવિધ વિકલાંગ સહાયનો લાભ લેવા સર્વેને અનુરોધ કર્યો હતો.

નિપમેડના ગુજરાતના એ.ડી.આઈ.પી સ્કીમના ઈન્ચાર્જ શ્રી સ્ટેલીને જણાવ્યું હતું કે, સંસ્થા દ્વારા વિકલાંગ બાળકોને મદદ કરવા હંમેશા તત્પર હોય છે. સંસ્થા દ્વારા વિવિધ -કારની વિકલાંગતા ધરાવતા બાળકોની જરૂરિયાતનો વિષય નિષ્ણાંત પાસે અભ્યાસ કરાવીને કિટ્સની સામગ્રી તૈયાર કરાવવામાં આવી છે. કિટ્સ બાળકોનો માનસિક વિકાસ કરવામાં ખૂબ જ ઉપયોગી બનશે.

શિક્ષણ, શૈક્ષણિક કારકિર્દી દ્વારા રાષ્ટ્ર નિર્માણમાં યુનિવર્સિટીની ભૂમિકા વિષયક સેમિનાર યોજાયો

અમદાવાદ, તા.૧૭

શિક્ષણ, ઓનલાઈન શિક્ષણ અને **Moocs (Massive open online courses)** શરુ કરવા અને તેનું શું મહત્વ છે અને ઉદ્યોગ સરકાર અને શિક્ષણ ક્ષેત્રે સમન્વય સાધી રાષ્ટ્ર નિર્માણ અને શિક્ષણ માટે યુનિવર્સિટીઓની ભૂમિકા વિષયક રાય યુનિ., સરોડા, અમદાવાદ ખાતે બે દિવસીય સેમિનારનું આયોજન કરાયું હતું.

શિક્ષણ ક્ષેત્રે આવેલા આમૂલ પરિવર્તનો, આધુનિક ટેકનોલોજીના સહયોગથી શિક્ષણની કઈ તરાહમાં ઉચ્ચ અભ્યાસ કરવાથી પોતાની કયા પ્રકારની શૈક્ષણિક કારકિર્દી સંભવી શકે છે અને વિશ્વમાં આ પ્રકારની કારકિર્દી ઓછી કિંમત અને પરિવર્તનક્ષમ પધ્ધતિઓ દ્વારા તેની માહિતી મળી શકે છે તે અંગે આ સેમિનારમાં વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

આ **Moocs** સ્માર્ટ મીની કોલેજોના ઓન લાઈન સેવા પૂરી પાડતા લર્નીંગ સેન્ટર છે. **Moocs** કોર્ષીસ મોટે ભાગે નિઃશુલ્ક છે જેથી યુવા વિદ્યાર્થી વર્ગને ઉપયોગી થશે, વાયફાયથી જોડાયેલ કમ્પ્યુટર વર્ક સ્ટેશન, પ્રિન્ટર, વિડિયો લેકચર્સ, લાઈબ્રેરી લોન્જ કાફે સ્પેશ આ સેન્ટરની વિશેષતા છે.

આ સેમિનારમાં પી.ડી.પી.યુ. યુનિ., ગાંધીનગરના ડાયરેકટર જનરલ ડૉ. પી.કે. વણીક, ગુજરાત યુનિ.ના ઉપકુલપતિ ડૉ. મુકુલ આઈ. શાહ, ટીમ લીઝ સ્કીલ્સ યુનિ.ના ડૉ. પરેશ શાહ, ઈન્ડિયન ઈન્સ્ટીટયૂટ ઓફ ટીચર એજયુકેશનના ડૉ. કલ્પેશ પાઠક, સેન્ટ્રલ યુનિ. ઓફ ગુજરાતના વાઈસ ચાન્સેલર શ્રી આર.કે. કાલે, બ્રેન્ટવુડસ એજયુકેશનના સી.ઈ.ઓ પ્રો. મનીન્દર સીંઘ, એશોચેમના વાઈસ ચેરમેન તથા ડૉ. વિનય રાયે શિક્ષણ, શિક્ષણ નીતિ, વિવિધ પધ્ધતિઓ, શિક્ષણની માત્રા અને ગુણવત્તા વધારવા શું કરવું જોઈએ અને રાજય તથા દેશનો ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો, વિકસીત દેશો સંદર્ભે આપણે ક્યાં છીએ તેવા વિવિધ વિષયો પરત્વે, વિદ્યાર્થીઓ, અધ્યાપક અને યુનિવર્સિટીની ભૂમિકા અંગે વકતવ્ય આપ્યાં હતાં.

ઈન્દ્રપુરા ખાતે સાત દિવસીય એન.એસ.એસ. શિબિરનો શુભારંભ : ૧૦૦ વિદ્યાર્થીઓ જોડાયા

ગાંધીનગર, તા.૧૭

અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજના એન.એસ.એસ. યુનિટ દ્વારા માણસા તાલુકાના ઈન્દ્રપુરા ખાતે સાત દિવસીય એન.એસ.એસ. શિબિર યોજવામાં આવશે. જેમાં વિવિધ જાગૃતિ લક્ષી થીમ પર કાર્ય કરવામાં આવશે. શિબિરનો શુભારંભ આજરોજથી કરવામાં આવશે.

ગાંધીનગરના સે-૨૩ ખાતેની એ.એ. પટેલ કોમર્સ કોલેજના એન.એસ.એસ. યુનિટ દ્વારા માણસા તાલુકાના ઈન્દ્રપુરા ગામમાં એન.એસ.એસ. શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કોલેજના ૧૦૦ વિદ્યાર્થીઓ ભાગ લેશે. આ શિબિરનો શુભારંભ આજ રોજથી ડૉ. જયેન્દ્રભાઈ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યો હતો.

શિબિર તા. ૧૭ ફેબ્રુઆરીથી ૨૩ ફેબ્રુઆરી સુધી ચાલશે. જેમાં યુવા જાગૃતિ, ગ્રામોત્થાન, સાક્ષરતા અને વ્યસનમુકિત વિષય પર યોજવામાં આવશે. શિબિર દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા ઈન્દ્રપુરા ગામનો સર્વે હાથ ધરાશે. જેમાં સમાજ માટે ઉપયોગી હોય તેવા કાર્યોને પ્રાથમિકતા આપવામાં આવશે.

ગામના વ્યસન કરતા યુવાનોને વ્યસનથી દુર રહેવા માટે વિદ્યાર્થીઓ વ્યસનથી થતા જીવલેણ રોગોની માહિતી આપવામાં આવશે. તેમજ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને વિવિધ સ્પર્ધા કરાવી તેના વિશેની માહિતી પુરી પાડવામાં આવશે.

આજથી શરુ કરાયેલા શિબિરમાં ગામના સરપંચ, મંજુલાબેન ચૌધરી, ઉપસરપંચ, વિનુભાઈ ચૌધરી, મંડળીના ચેરમેન મહેશભાઈ ચૌધરી, પ્રા. શાળાના આચાર્ય જયોત્સનાબેન ચૌધરી અને આ શિબિરનું સુકાન સંભાળ્યું છે એવા ડૉ. રણછોડ રથવી સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

સંત રામકૃષ્ણ પરમહંસ જયંતિ

ભારતના યશસ્વી સંત રામકૃષ્ણ પરમહંસનો જન્મ બંગાળના હુબલી જિલ્લાના કામારપુકુર ગામે બ્રાહ્મણ કુળમાં પિતા ખુદીરામ અને માતા ચંદ્રામણિ દેવીના ઘરે ૧૮ ફેબ્રુઆરીના રોજ થયો.

પારસમણિના સ્પર્શથી લોઢું સોનું બની જાય છે. સંતો પણ પારસમણિ જેવા છે. તેમના સંપર્કથી સામાન્ય માણસ પણ મહાપુરૂષ બને છે. નરેન્દ્ર નામના છોકરાને સંત રામકૃષ્ણનો સ્પર્શ થયો અને તે સ્વામી વિવેકાનંદ બન્યા.

સ્વામી વિવેકાનંદને વિશ્વને રામકૃષ્ણપરમહંસની ઓળખ કરાવી. તેમને રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી. ભારતના ખૂણે ખૂણે ધર્મ પ્રતિષ્ઠા અને સેવાની સુવાસ પ્રસરાવી. આ ઠાકુર સ્વામી વિવેકાનંદનાં ગુરૂ હતા.

રામકૃષ્ણ પરમહંસનું બાળપણનું નામ ગદાધર હતું. તેમને સૌ કોઇ ગદાઇ કહેતા. તેઓ મહાકાળીના ભક્ત હતા. બાલ્યાવસ્થામાં જ પ્રકૃતિ અને પ્રેમાળ મનુષ્યોના સંગે આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું. જગતના બધા જ ધર્મોની સાધના કરી, તેમના જીવનનું લક્ષ્ય ઇશ્વર પ્રાપ્તિનું હતું.

પ્રસંગસર
- શાન્તિલાલ બી. પટેલ

'જે જ્ઞાન મનને ચોખ્ખું કરે છે એ જ જ્ઞાન છે, બાકી તો અજ્ઞાન છે, હૃદયની સચ્ચાઇથી આંસુ સારે એને ઇશ્વર મળે.'

રામકૃષ્ણે પત્ની શારદામણિ દેવીને પણ પોતાની ભક્તિની લગની સમજાવી, તેમણે પણ પતિને સાથ આપ્યો અને તેઓ પણ મા કાલીનાં ભક્ત બન્યાં.

રામકૃષ્ણની સેવા-પરાણયતા અને આત્મજ્ઞાનના કારણે નૈસર્ગિક સૌંદર્યની દિવ્ય અનુભૂતી થતી. ઇ.સ. ૧૮૮૬ ની ૧૬મી ઓગસ્ટના રોજ સ્વર્ગવાસી થયા.

"ગુંબક અને પથ્થર પાણીમાં પડી રહે તો પણ તેનો લોખંડ પકડવાનો ને ઘસવાથી આગ ઉત્પન્ન થવાનો ગુણ નષ્ટ થતો નથી. તેમ વિષય પરિસ્થિતિઓમાં ઘેરાયેલો રહેવા છતાંય સજ્જન પોતાની આદર્શવાદીતા છોડતો નથી." - શ્રી રામકૃષ્ણ પરમહંસ.

'મહિલા શાસ્ત્રીય સંગીત સમારોહ'... સુરીલા શાસ્ત્રીય રાગોની બંદિશ, આલાપ, તાનનો નાદ...!!

ગુજરાત રાજ્ય સંગીત નાટ્ય અકાદમીનાં શાસ્ત્રીય રાગોનાં કાર્યક્રમમાં પરાગી પરમાર - 'પટદીપ', ડો. ફાલ્ગુની - 'જયજયવંતી', દિપ્તી દેસાઇ - 'જોગ' અને ગાર્ગી વોરા - 'હંસધ્વની' રાગોની અદ્‌ભૂત રજૂઆતની સર્જાયું શાસ્ત્રીય સૂરોનું સામ્રાજ્ય

ભારતીય શાસ્ત્રીય સંગીતની ઉત્પત્તિ તો વેદોથી થયેલી છે. સામવેદમાં સંગીતની ચર્ચા વિશેષ રૂપથી કરી છે. ભારતીય શાસ્ત્રીય સંગીતને આધ્યાત્મ સાથે સીધો સંબંધ છે અને એટલે જ જીવનનાં અંતિમ લક્ષ્ય જેવાં મોક્ષની પ્રાપ્તિના સાધન રૂપે સંગીત ગણાય છે. ભારતીય શાસ્ત્રીય સંગીત પુરા વિશ્વમાં સૌથી જટીલ અને સંપૂર્ણ સંગીત પ્રણાલી કહેવાય છે. ભારતીય શાસ્ત્રીય સંગીતની હિન્દુસ્તાની અને કર્ણાટકી જેવી બે મુખ્ય પ્રણાલી છે. હિન્દુસ્તાની ગાયન શૈલીમાં, ધ્રૂપદ, ખયાલ, ધમાર, ઠુમરી, ટપ્પા જેવા મુખ્ય રૂપ છે જયારે કર્ણાટકમાં વર્ણમ, જાવાલી અને તિલ્લાના ગવાય છે.

ભારતીય શાસ્ત્રીય સંગીતની ધરોહરને ટકાવી અને વિકસાવવાનાં ભાગરૂપે ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના અધ્યક્ષતા હેઠળ 'મહિલા શાસ્ત્રીય સંગીત સમારોહ'નું આયોજન કરાયું હતું. ગુજરાતની શ્રેષ્ઠ ચાર યુવા ગાયિકાઓ દ્વારા વિવિધ રાગ અને રાગ આધારીત ગીતોની રજૂઆત કરાઇ હતી. અકાદમીનાં નવા વરાયેલાં અધ્યક્ષ યોગેશ ગઢવી કે જેઓ એક પોતે સિદ્ધહસ્ત કલાકાર છે એ સભ્ય સચિવ જી.એચ. ખાન દ્વારા ગાયિકા અને કલાકારોનું સ્વાગત સન્માન કરાયું. સંગીત એ સાધનાનું માધ્યમ બને અને શાસ્ત્રીય સંગીત લોકચાહના મેળવે એ માટે થતાં બધાં પ્રયત્નો કરવાની ખાત્રી સાથે યોગેશ ગઢવીએ આ કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો.

ભારતીય શાસ્ત્રીય સંગીતમાં આમ પણ મહિલાઓનું યોગદાન અને વર્ચસ્વ ઘણું રહ્યુ છે. આમીરભાઈ કર્ણાટકીથી કિશોરી આમોનકર અને એમ.એસ. શુભલક્ષ્મીથી શોભા મુદ્‌ગલ સુધીનો ભવ્ય વારસો આપણને મળ્યો છે. આજે અહિંયા પણ ચાર ગાયિકાઓ શાસ્ત્રીય રાગોની સૂર-સાધના કરાવવાં આવી હતી. સંગીત અને સ્ટેજ સંચાલક એવા અમીત ઠક્કરે પરાગી પરમારનો પરિચય કરાવી સીધો જ કાર્યક્રમનો દોર ચલાવ્યો.

પરાગી અમર પારેખ :

અવાજ એવો કે બોલે તોય સૂરમાં જ લાગે. 'હાથ મેં લેકે મેરા હાથ' ગઝલ એ એની ઓળખ. ગઝલ-ગીતો, ભજન એમનાં મનગમતાં તો આશા ભોંશલે, કિશોર, કિશોરી આમોનકર, અજય ચકબર્તી, ગુલામ અલી, દેવકી પંડિત એમનાં મનગમતાં ગાયકો, ફલ્યુટ અને ગિટારના ચાહર પરાગીને કીરવાની, પુરીયાધનાશ્રી, તોડી મનગમતાં રાગ અને એણે આજનાં કાર્યક્રમની શરૂઆત નિર્ગુણી ભજન 'ઘટ ઘટ મેં પંછી બોલતાં' નો સ્વર ઘૂંટયો ને પ્રથમ જ રજૂઆતથી આ મહેફિલનો માહોલ જામી ગયો.

રાગ પરદીપ પર આધારીત પં. ભીમસેન જોષીની પ્રસિદ્ધ રચના 'બાજે રે મુરલીયા બાજે રે, અધર ધરે મોહન મુરલી પર' ની રજૂઆત એટલે એમ જ કે બસ સાંભળ્યાં જ કરીએ. દિલીપ ધોળકીયાનાં સ્વરાંકન અને હરિન્દ્ર દવેની રચના રાગ ચારૂકેશી અને એનુ મુખડું આહિરી તોડીથી શરૂ થાય એવી 'એક રજકણ સૂરજ થવાને શમણે, ઉગમણે જઇ ઉડે પલકમાં ઢળી પડે આથમણે' ની ભાવવાહી રજૂઆત રહી.

'તાનારીરી' ફિલ્મનું રાગ મેઘ પર આધારીત ગીત 'ગરજ

ગરજ બરસો જલધર, દિપકથી દાઝેલા તનને શિતળ જળથી સ્પર્શો' ગજબની રજૂઆત રહી, એકવાર મનમાં આવીએ ગયું કે ટાઉનહોલ બહાર જઈને ચેક કરી આવીએ કયાંક ખરેખર તો વાદળ વરસ્યાં નથીને? આ ગીતમાં પરાગી સાથે ડૉ. ફાલ્ગુનીએ ડ્યુએટ રજૂઆત કરી.

ફાલ્ગુની ડોક્ટર :

વરસાદી માહોલને આગળ વધારતાં એણે રાગ મેઘમલ્હાર પર આધારિત 'રીમઝીમ રીમઝીમ બરસે, બાદલ બરસે' સાથે વરસાદી વાંછટની ટાઢક કરાવી જેમાં તરાના - તબલા-સંગીતની સંગત ગીતને સંગીન કરાવી ગઈ. 'સાંવરીયો રે મારો સાંવરીયો' ગીત જેની ઓળખ બની છે એવી ફાલ્ગુનીને લતાજીનો કંઠ પસંદ છે અને એમનાં ગીતોય, સિતાર-ફલ્યુટ વાદ્યની સાથે ભૈરવી, અહિર ભૈરવ અને જયજયવંતી રાગ ગાવા અને સાંભળવા ગમે. 'બસંત બહાર'ની ઠુમરી 'જા જા રે જા બાલમવા, સૌતન કે સંગ રાત બિતાઇ કાહે કરત અબ જુઠી બતીયાં' અને 'મન મોહના બડે જૂઠે, હાર કે હાર નહીં માને' બંને ગીતો માર્વેલસ રજૂઆત, આલાપ અને તાન એટલે રિયાઝા અવાત તરત જ અલગ ઓળખાઇ આવે.

દિપ્તી દેસાઇ :

દિપ્તી દેસાઇ એટલે સૂર- સ્વર - સંગીતનો ઘૂઘવાતો દરિયો. ગુજરાતી

ફિલ્મી ગીત, ગરબા, સુગમ સંગીત કોઈ પણ હોય, શમશાદ થી લતા સુધી દરેક ગીતો એટલાં જ મસ્તીથી ગાઈ જેને 'પિયા હાજી અલી'ની રચના સાથે જોડાય છે. હરિહરન અને લતાનો ચાહક દિપ્તીને યુવા કૌશિકજી અને ખ્યાતનામ બધાં જ શાસ્ત્રીય ગાયકો ગમે વાયોલીન - સિતાર વાદ્ય સાથે રાગ જોગ-તોડી - અહિર ભૈરવ પસંદ, અને એટલે જ દિપ્તીએ રાગ જોગની પ્રસ્તુતી કરી.

રાગ જોગને વિરહ રસમાં 'તુમ બિન કૈસે કટે દિન, આવન કહી અજહુ ના આયે' અને શ્રૃંગારરસમાં 'મેરો ઘર આયે સાજના' અને પછી તરાના, માય ગોડ શું ગાયું તું દિપ્તીએ, શતપ્રતિશત શાસ્ત્રીય આરોહ-અવરોહ સાથેની ઝણઝણાટી કરાવે એવી રજૂઆતને વન્સ મોરની ડિમાન્ડ સાથે તાળીઓ. દિપ્તી દેસાઇ શાસ્ત્રીય સંગીતમાં આટલી પારંગત છે એનો નજારો તો ભઈ આજેજ થયો!!

ગાર્ગી વોરા :

હજી અમદાવાદ ખાતે હમણાં જ સંપન્ન થયેલા કાવ્ય સંગીતમાં જેનો બબ્બે વાર ગુજરાત સમાચાર ફોટો છપાયો છે અને એનું નવું આલબમ 'તારે રે દરબાર' બહાર પડ્યું છે એવી ગાર્ગી વોરા એટલ 'સખી મારો સાહ્યબો સૂતો...' ગીત સંભળાય ને એનો ચહેરો દેખાય. કલાસીકલ, સેમી કલાસીકલ કે સુગમ સંગીત દરેક ક્ષેત્રે એનું નામ ઇજ્જતથી લેવાય. લતા, હરિહરન, પુરૂષોત્તમ ઉપાધ્યાય, આશિત દેસાઇ અને શાસ્ત્રીય સંગીતના દરેક ગાયકો સાંભળવા, માણવા, જાણવા ગમે.

જોગ, તોડી, જયજયવંતી, મેઘ એનાં મનગમતાં રાગ પર આજનાં કાર્યક્રમમાં એણે રજૂ કર્યો રાગ 'હંસધ્વનિ'. 'હમરો મન તુમ્હી સંગ લાગ રહી' ને એકતાલ - તીન તાલ અને તરાનામાં એવો તો છેડ્યો કે આખ બંધ કરો તો એમ જ લાગે છે કોઇ સિદ્ધહસ્ત - ખ્યાતનામ શાસ્ત્રીય ગાયિકાએ રાગ આલાપ્યો હોય, કયાં બાત હૈ... કાર્યક્રમ સમાપનમાં રાગ ભૈરવી ગયાવ અને અહીં એ કાર્ય ગાર્ગીએ અત્યંત ભાવવાહી રીતે 'ભવાની - દયાની' 'જગત જનની મહિષાસૂર મર્દિની ભવાની - દયાની' નો સૂર અને કાર્યક્રમ સમાપ્ત થયો.

સંગીત સજાવટમાં અમીત ઠક્કર એટલે ગાયિકાઓ નિશ્ચિત, કિ-બોર્ડ પરથી હાર્મોનિયમ પર આવીને દરેક રચનાને સૂરબદ્ધ રજૂ કરવાની તમામ જવાબદારી શિરે અને છતાંય ક્યાંક કોઈ જગ્યાએ એમની કલાથી ગાયિકા પર હાવી નહીં, તબલચી પાર્થ અને અમીત ઠક્કરે બંને વચ્ચે શાસ્ત્રીય સમારોહને ગાયિકાઓથી સજાવી દીધો.

આ કાર્યક્રમ માણવા વી.એસ.ગઢવી, શિવરંજનીના વાગ્મિન બુચ, કલાગુર્જરીના જયરાજસિંહ - આશા સરવૈયા, સંસ્કૃતિના મનોજ શુક્લ હાજર રહેલા. શાસ્ત્રીય સંગીતનો મહિલાઓનો આ કાર્યક્રમ અત્યંત સુંદર રહ્યો... તમારો કરોડોની સંપત્તિ હોય અને વારસદાર ના હોય? તમારી પાંચ પકવાન ભરેળી થાળી તૈયાર હોય અને ખાનાર કોઇ ના આવે? તમારી પાસે ભારતીય સંગીતનો ભવ્ય વારસો અને એનાં રાગ રજૂ થતાં હોય અને એનાં સાંભળનારા શ્રોતા જ ના હોય તો? સાલું કટકે છે... આજના પ્રચાર-પ્રસારનાં માધ્યમમાં જે સરકાર એના માટે ખાંટુ ગણાય છે, ત્યાં આવો પ્રોગ્રામ છે એની ખબર જ ના પડે? વધુ પડતું નથી કહેવાતું? બીજું બધું ભૂલી જઈએ પણ પોતાનો જીવ રેડીને રાગ છેડતાં કલાકારોને ઈલકાબની સાથે દાદ જોઈએ છે, શ્રોતાઓ જોઈએ છે, ભારતીય શાસ્ત્રીય સંગીત સમારોહના માત્ર કાર્યક્રમનું આયોજન નહીં શ્રોતા લાવવાની જવાબદારી પણ તંત્રએ ઉઠાવવી જ પડે!!